## હા... સાહેબ !

“દસમે દસ અવતાર, જય વિજયા દશમી, મા જય વિજયા દશમી...!”

“ઓ હો..! માતાજીના ગુણગાન ગાયા બાદ આજે દશેરાની ઉજવણી..! જય-વિજયનું પર્વ..! એટલે ફાફડા-જલેબીનુ પર્વ..!”

“અરે... સાહેબ... બધુ ભેગુ ના કરો..! નવ-નવ દિવસની શક્તિની ઉપાસના જે ખરા દિલથી કરે છે, તે અનિષ્ટ સામે પ્રહાર કરી શકે છે. એ રામ હોય કે આપણે..!!”

“ઓ...હો... એવું ના હોઈ ભાઈ..! રામ એટલે રામ..! અને રાવણ જેવા શક્તિશાળી દશાનન... સોનાની લંકાવાળા રાવણને ૩૧મા બાણે વધ કર્યો..!! અને આ યુગોથી ચાલતી પરંપરા આજે પણ રાવણદહનના કાર્યક્રમથી ઉજવીએ છીએ..!!”

“સાહેબ..! ક્યાં કેટલા રાવણ મારશો..?! ક્યાંક સત્તા આવે એટલે અભિમાન આવે... અહંકાર આવે... ક્યાંક સંપત્તિ આવે - શ્રીમંતાઈ આવે, એટલે તોછડાઈ આવે..! ક્યાંક પ્રતિષ્ઠા આવે એટલે ગુરૂતાગ્રંથી આવે..! છેતરવાની દરેક વૃત્તિની સુક્ષ્મતામાં રાવણનો આત્મા ભટકે છે..! ડોકાય છે, રાવણ ડોકાય છે..!”

“ખરૂ તમે તો વિચારો છો..! અમે તો ફાફડા ઝાપટીને દશેરા ઉજવી નાખીએ..!”

“ખોટુ ના લગાડશો..! પણ દરેક પર્વ અને પ્રસંગની પાછળ સુક્ષ્મ અર્થ અને સંદર્ભ જોડાયેલા હોય છે..! અને એ સમજવા માટે જ આપણે ઉજવણીઓ કરીએ છીએ..!! આપણે મુળ વાત ભુલી જઈએ છીએ અને જલસાની જમાવટ કરીએ છીએ..!!”

“હા... ભાઈ...હા..! તમે કથા કરી લો પછી પ્રસાદ ખઈશુ..!! પણ ભુલી ના જતાં હોં... જલેબી...ફાફડા ને..!”

“હં... તો વાત નાનકડી જ છે સાહેબ..! સત્યનો અસત્ય ઉપર વિજય એનું નામ વિજયાદશમી..! અપ્રમાણિકતા ઉપર પ્રમાણિકતાનો વિજય એટલે વિજયાદશમી..! અનિતિ સામે નિતીનો વિજય એટલે વિજયાદશમી..! અને દુરાચાર સામે સદાચારનો વિજય એટલે વિજયાદશમી..!!”

“ઓ...હો... હજી કંઈ બાકી રહ્યું..?! તમે તો ખરૂ લાયા હોં..!”

“સાહેબ... એમ વાતને ઉડાવી ના દો..! આ શાસ્ત્રઓનું સત્ય છે... આ શસ્ત્રોનું સત્ય છે... આ જગતનું સત્ય છે... અને જીવનનું સત્ય છે..!! યુગોથી આ જ સંઘર્ષ કોઈને કોઈ સ્વરૂપે... કોઈના કોઈ સ્તરે નિરંતર ચાલતો જ હોય છે..!! એ રામ-રાવણનું યુદ્ધ હોય કે પાંડવો અને કૌરવોનું યુદ્ધ હોય..!! એના ઓછાયા અને પડછાયા સતત અનુભવાતા હોય છે..! સ્વરૂપો બદલાય છે..! ક્ષિતિજો બદલાય છે..! પણ મુળતત્વ તો એમ જ રહે છે..!!”

“કહેવું પડે..! અદ્ભુત..! ફાફડા જેવી ગરમાગરમ અને જલેબી જેવી મઘમઘતી વાત..!! મારા જેવા ચટણી, કચુંબર સાથે મજા પડી જાય..!!”

“હા... એ તો ફાફડા ખાવ તો જ જલેબીની મઝા છે..! ફાફડા એટલે સંઘર્ષનું પ્રતિક છે..! ચણામાંથી દળાઈને લોટનું સ્વરૂપ ધારણ

● અનુસંધાન પાન-૭ પર



મહાઅષ્ટમીએ મહાઆરતી - ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રાંગણમાં પરંપરાગત મહાઅષ્ટમીની મધ્યરાત્રીએ મહાઆરતી યોજાઈ હતી... હજ્જારો દીવડાઓથી સર્જાયેલી માતાજીના મુખારવિંદની પ્રતિકૃતિથી આશીર્વાદની અનુભૂતિ થઈ હતી... પ્રતિવર્ષ યોજાતી મહાઆરતીમાં ભાગ લેવા ભાવિકો મોટી સંખ્યામાં આવે છે... દેશ-વિદેશમાં મહાઆરતીનું વેબકાસ્ટીંગ પ્રસારણ હજ્જારો ભાવિકોએ નિહાળ્યું હતું..

# આજે કોલવડા આયુર્વેદ કોલેજમાં નેશનલ આયુર્વેદ સમીટ યોજાશે

### કોલવડાની મોડેલ આયુર્વેદ કોલેજનું મુખ્યમંત્રી રૂપાણી લોકાર્પણ કરશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરને અડીને આવેલ કોલવડા-સરઢવ માર્ગ પર નિર્માણ પામેલ મોડેલ આયુર્વેદ કોલેજનું રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા લોકાર્પણ કરવામાં આવશે.

હોસ્ટેલ, હોસ્પિટલ તેમજ કોલેજના અદ્યતન બિલ્ડીંગોના નિર્માણ પાછળ રાજ્ય સરકારે ૧૭૫ કરોડથી પણ વધુનો ખર્ચ કર્યો છે. ૧૫થી વધુ વિશેષજ્ઞોની સેવાઓ આ હોસ્પિટલમાં ઉપલબ્ધ થશે.

આ સ્થળે પહેલીવાર નેશનલ આયુર્વેદ સમિટ-૨૦૧૭નું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ રોગોમાં આયુર્વેદ ઉપચારોની આધુનિક પદ્ધતિઓ સહિતના મુદ્દાઓ પર ચર્ચા થનાર છે. દેશભરના નામાંકિત આયુર્વેદાચાર્યો આ સમીટીમાં ભાગ લેવાના છે.

આ પ્રસંગે રાજ્યના રાજ્ય આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી પણ વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

રાજ્ય સરકારના સી.સી.આઈ.એમ. અને ગુજરાત આયુર્વેદ બોર્ડના સંયુક્ત ઉપક્રમે આ પ્રકારે નેશનલ સમીટ પહેલીવાર ગાંધીનગરને અડીને આવેલ કોલવડાની મોડેલ આયુર્વેદ કોલેજ ખાતે યોજાઈ રહી છે. આ અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# જીલ્લામાં અંત્યોદ મિશન અંતર્ગત ૨જીથી અંત્યોદય પખવાડિયુ ઉજવાશે

### જિલ્લામાં ગ્રામોત્થાનની કામગીરીને વેગ આપવા પખવાડિયાની ઉજવણી મિશનના કાર્યક્રમોના અમલીકરણનો રોડ મેપ તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૨૯

આગામી તા. ૨ થી ૧૭ ઓક્ટો. દરમ્યાન જિલ્લામાં ગ્રામોત્થાનની કામગીરીને વેગ આપવા માટે અંત્યોદય મિશન અંતર્ગત એક વિશેષ પખવાડિયાની ઉજવણી કરવામાં આવશે.

આ માટે સરકારના ૧૫ જેટલા વિભાગોને વિવિધ દિવસોની ફાળવણી કરી અને તે માટેના કાર્યક્રમો સૂચિત કરી અને જાણ પણ કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે અંત્યોદય મિશન અંતર્ગત સ્વચ્છતા, શિક્ષણ, આરોગ્ય, કૃષિ, જળસંચય જેવા કાર્યક્રમો પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. આ માટેના આયોજનો કરવા જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ અધિકારીઓની ખાસ બેઠક યોજી હતી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વિવિધ ગ્રામોત્થાનની કામગીરી ચાલે છે તેને વેગ આપવા તેમજ ગરીબી નિર્મૂલનને વેગ મળે તે અંત્યોદય મિશન યોજના લાગુ કરવામાં આવી રહી છે. જિલ્લામાં આ માટે ૧૦૦ ગામોની પસંદગી પણ કરી દેવામાં આવી છે.

જિલ્લામાં અંત્યોદય મિશનની કામગીરીના અસરકારક મોનીટરીંગ માટે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે એક ખાસ જિલ્લા કક્ષાની સમિતિની રચના કરી છે જેમાં ૧૩ થી ૧૫ જેટલા સભ્યો સમાવવામાં આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ પખવાડિયાની ઉજવણી અંગેના અહેવાલો પણ રાજ્ય સરકારને રોજેરોજ મળે તે રીતે આવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પખવાડિયાની ઉજવણી પછી તુરત જ કલેક્ટરના અધ્યક્ષપદે સમિતિની બેઠક મળશે અને તે મિશનના કાર્યક્રમોના અમલીકરણનો રોડ મેપ તૈયાર કરશે.

# ફાફડા જલેબીના વેપારને જીએસટીનુ ગ્રહણ ૨૦ ટકાનો ભાવ વધારાથી ધંધામાં મંદી છવાઈ

### નવરાત દરમિયાન જ ફાફડા જલેબીના વેચાણમાં ૭૦ ટકાનો ઘટાડો ખોટ વસુલવા માટે વેપારીઓ દશેરા તરફ મીટ માંડીને બેઠા છે

ગાંધીનગર તા ૨૯

નવરાત મહોત્સવ પર આ વર્ષે જી એસ ટી નુ ગ્રહણ લાગ્યુ છે. નવરાત દરમિયાન વેચાણ થતા વિવિધ પાર્ટી પ્લોટના પાસની કિંમતમાં પણ વધારો થતા ખૈલેયાઓને મોંઘવારી નડી છે. જયારે બજારમાં વેચાણ થતી અવનવી વાનગીઓમાં પણ જી એસ ટી ના લીધે ભાવ વધારાની અસર વર્તાય છે. આ સ્થિતિ વચ્ચે વેપારીઓમાં પણ ખાદ્યસામગ્રીના વેચાણમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાની બુમ ઉઠવા પામી છે. નવરાતના નવ દિવસો દરમિયાન ફાફડા જલેબીના વેચાણમાં ૭૦ ટકાનો ઘટાડો થયો છે. નવરાત દરમિયાન પણ શહેરમાં ઠેર ઠેર ફાફડા જલેબી તેમજ અવનવી ખાદ્યસામગ્રીના વેચાણ માટે સ્ટોલ જોવા મળી રહયા છે. ફરસાણના વેપારીઓના મતે ફાફડા જલેબીની બનાવટની લોટ અને તેલ સહીતની સામગ્રીનો પણ નહીંવત વપરાશ થયો છે. શહેરમાં નવરાત દરમિયાન ૧૫૦ થી વધુ ફાફડા જલેબીના સ્ટોલ જોવા મળી રહયા છે. નવરાત દરમિયાન જી એસ ટી ના લીધે ફાફડા જલેબીના ભાવમાં ૨૦ ટકાનો વધારો થયો છે. જેના લીધે વેચાણમાં પણ ધરખમ ઘટાડો થયો છે. દશેરા નિમિત્તે પણ ફાફડા જલેબી ખાવાનુ વિશેષ મહત્વ છે. ત્યારે આ દશેરામાં પણ ચટાકેદાર સ્વાદ રસિયાઓને જી એસ ટી ના લીધે મોંઘવારી નડશે. વેપારીઓ પણ આ મામલે નારજગી વ્યકત કરી રહયા છે.

જી એસ ટી ના અમલ બાદ વેપારી વર્ગમાં નારાજગી વ્યાપી છે. ત્યારે નવરાત મહોત્સવ પર જી એસ ટી ના લીધે મોંઘવારીની અસર વર્તાઇ રહી છે. નવરાતમાં પાર્ટી પ્લોટના પાસના વેચાણ ભાવમાં પણ જી એસ ટી ના લીધે વધારો થયો છે. જયારે અવનવી

● અનુસંધાન પાન-૭ પર

# ૨જી ઓક્ટો.ના રોજ જિલ્લામાં ગ્રામસભાઓ યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૯

૨જી ઓક્ટો.ના રોજ ગાંધી જયંતિએ જિલ્લાના ૩૦૦થી વધુ ગામોમાં એક ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યુ છે.

ગાંધી જયંતિની ઉજવણીના કાર્યક્રમ સાથે આ ગ્રામસભાઓનું અભિયાન આરંભાશે. સવારે ૧૦ થી સાંજના ૫ વાગ્યાના સુમારે આ ગ્રામસભાઓ યોજવામાં આવશે.

આ ગ્રામસભામાં ગ્રામવિકાસના કાયમી એજન્ડા ઉપરાંત છેલ્લા છ માસમાં વિકાસના હાથ ધરાયેલા કામોની કામગીરીનો અહેવાલ તેમજ નદી બચાવ અભિયાન અંતર્ગત પ્રતિજ્ઞા લેવડાવવામાં આવશે. જિલ્લામાં આ ગ્રામસભા અભિયાન અંતર્ગત ૧૦૦ જેટલા લાયઝન અધિકારીઓની પણ નિયુક્તી કરવામાં આવી છે.

# નિવૃત્ત અધિકારીઓ અને બદલી પામેલા અધિકારીઓ લાયઝન અધિકારી દર્શાવાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૨ જીની ગ્રામસભા માટેના લાયઝન અધિકારીઓની નિમણુંકના કરાયેલા હૂકમમાં ભારે છબરડા જોવા મળ્યા છે.

લાયઝન અધિકારીઓના નામ ખોટા બતાવાયા છે. જે અધિકારીઓના નામ દર્શાવવામાં આવ્યા છે તેમાંના કેટલાક વયમર્યાદાને લઈ નિવૃત્ત થઈ ગયા છે અથવા તો કેટલાક અધિકારીઓની જિલ્લા બહાર બદલીઓ પણ થઈ ગઈ છે એટલુ જ નહિ તેમની સામે બે-બે અધિકારીઓ નવા નિયુક્ત થયા હોવાનુ જણાયુ છે.

જોકે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કામગીરીમાં આવા ગોટાળાઓએ કર્મચારી જગત અને પદાધિકારીઓમાં પણ ચર્ચા જગાવી છે. તંત્રની કામગીરી પર વિપરીત અસરો સ્ટાફના અભાવે થઈ રહી છે તેમ મનાઈ રહ્યુ છે.



નવલી નવરાતના અંતિમ ચરણમાં આઠમની પવિત્ર રાત્રે લાયસન્સ અને લાયોનેસ કલબ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં ભવ્ય મહાઆરતીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ગરબા પ્રેમીઓથી ઉભરતા લાયન્સ ગરબા મેદાનમાં ૫૫૦૦ દિવડાઓની ભવ્ય મહાઆરતીથી વાતાવરણ દિવ્ય બન્યુ હતુ. હાથમાં દિવડાઓની જયોત પ્રજવલિત કરીને ભાવિકોએ માંઈ મંદિરના દર્શન કરાવ્યા હતા.અંબાજી મંદિરની પ્રતિકૃતિનુ નિર્માણ થયુ હતુ. મહાઆરતી ભાવિકો માટે શ્રધ્ધા ભકિત સાથે આકર્ષણનુ કેન્દ્ર બની હતી. લાયન્સ કલબના હરિશ ત્રિવેદી, અરૂણ પટેલ સહીતના આગેવાનોએ નવરાત્રિ મહોત્સવના આયોજન માટે જહેમત ઉઠાવી હતી.

# શહેરના સર્કલો જાળવણીના અભાવે આકર્ષણ ગુમાવી રહયા છે

### વરસાદી દિવસોના અંતે સર્કલોની સફાઇ તેમજ જાળવણી માટે તંત્ર નિરસ

ગાંધીનગર તા ૨૯

શહેરમાં સર્કલોની જાળવણીના મામલે જવાબદાર એજન્સીઓ નિરસતા દાખવતા છેલ્લા ઘણાં સમયથી શહેરના સર્કલો આકર્ષણ ગુમાવી બેઠા છે. શહેરમાં વારે તહેવારે સર્કલ સુશોભન કરવામાં આવે છે. જયારે સર્કલોના વિકાસ માટે તંત્ર દ્વારા ખાનગી સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સર્કલોની જાળવણી તેમજ દરકાર લેવામાં આવે છે. પરંતુ સમગ્ર વર્ષ દરમિયાન સર્કલોની જાળવણીના મામલે તંત્ર કક્ષાએથી પણ કોઈ ધ્યાન આપવામાં આવતુ નથી. નવા સર્કલો વિકસાવાના મામલે પણ હજુ સુધી કોઈ આયોજન થઈ શક્યુ નથી.

શહેરના મુખ્ય માર્ગો પર સ્થિત સર્કલો નગરની ઓળખ સમાન બન્યા છે. ત્યારે સર્કલોને દાયકાઓ પુર્વે વિવિધ થીમ આધારિત વિકસાવાયા છે. જો કે નવા સર્કલો તેમજ મુખ્યમાર્ગોના નવા નામાભિધાન બાદ પણ નવી ઓળખ મળી નથી. નવા નામાભિધાન મુજબની ઓળખ લોકસ્વીકૃત થઈ શકી નથી. નગરજનો સર્કલોને હજુ જુના નામથી જ ઓળખે છે. ત્યારે સર્કલોની જાળવણીના મુદ્દે ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ કોઈ ખાસ કામગીરી થઈ નથી. સર્કલોના વિકાસ માટે જુદી જુદી ખાનગી સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સર્કલોની જાળવણીના મામલે નિરસતા દાખવવમાં આવતા નગરના મુખ્ય માર્ગો પર સ્થિત સર્કલો આકર્ષણ ગુમાવી રહયા છે. ઘાસથી ઘેરાયેલા ઘ-૨ સર્કલની સફાઈ પણ લાંબા સમયના અંતે કરવામાં આવી છે. વરસાદી દિવસોના અંતે સર્કલોમાં પણ લીલ અને ગંદકી ખદબદી રહયા હોવાનો આક્રોશ નગરજનો ઠાલવી રહયા છે. ત્યારે જવાબદાર સંસ્થાઓ દ્વારા સર્કલની સફાઈ તેમજ જાળવણી માટે યોગ્ય કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. તંત્ર કક્ષાએથી પણ સર્કલોની જાળવણીના મામલે કોઈ સુપરવિઝન થતુ નથી. જેના લીધે સર્કલો આકર્ષણ ગુમાવી રહયા છે. સર્કલોની જાળવણી ઉપરાંત નવા સર્કલોને વિકસાવવા માટે પણ આખરી આયોજન થયુ નથી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com